પોલીસ સંબંધી પ્રશ્નો બાબતે યોજવામાં આવતાં લોક દરબારની સૂચનાઓ રદ કરીને તેને બદલે "આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો-એટીવીટી" અંતર્ગત તાલુકા કક્ષાએ લોકોના પ્રશ્નોના નિકાલ માટે ફરિયાદ સમિતિના ઉપક્રમે યોજવામાં આવતી માસિક બેઠકમાં પોલીસ સંબંધી પ્રશ્નો હાથ ધરવા બાબત

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ વસફ-૧૦૨૦૧૪-૬૦૦૦-ઝ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૫-૦૭-૨૦૧૪

પરિપત્રઃ-

ગૃહ વિભાગના તા. ૧૫-૧૦૨૦૦૩ના પત્ર નં.વિ-૧/ કઅવ/ ૧૦૨૦૦૩/ લોક દરબાર તથા તા. ૧૭-૦૩-૨૦૦૪ના કાર્યાલય આદેશ ક્રમાંક મહક/ ૧૦૨૦૦૪/ ૯૫૭/ ક થી દરેક પોલીસ અધિક્ષકશ્રી તાલુકા હેડ કવાટર્સ ખાતે દર માસે ઓછામાં ઓછા એક દિવસ રાત્રી રોકાણ કરી લોક દરબારનું આયોજન કરે એ બાબત નકકી થયેલ છે. પ્રજાના તમામ પ્રશ્નો અંગે તાલુકા કક્ષાએ જ રજુઆત, વિચારણા અને તેના નિરાકરણની સુદ્દઢ વ્યવસ્થા ગોઠવવા "આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો" નો અભિગમ અમલમાં છે. અને આ અંતર્ગત તાલુકા કક્ષાએ લોકોના પ્રશ્નનો ઝડપથી નિકાલ થાય તે માટે એક ફરિયાદ સમિતિની રચના કરવામાં આવેલ છે. અને આ ફરિયાદ સમિતિની તાલુકા કક્ષાએ દર માસે બેઠક યોજવામાં આવે છે. પોલીસ સંબંધી પ્રશ્નોની બાબત લોક દરબારને બદલે "આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો" અંતર્ગત યોજવામાં આવતી ફરિયાદ સમિતિની બેઠકમાં લઇ શકાય કે કેમ તે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી આ બાબતે પુખ્ત વિચારણાને અંતે ગૃહ વિભાગના તા. ૧૫-૧૦-૨૦૦૩ના પત્ર નં.વિ-૧/ કઅવ/ ૧૦૨૦૦૩/ લોકદરબાર તથા તા. ૧૭-૦૩-૨૦૦૪ના કાર્યાલય આદેશ ક્રમાંકઃમહક/ ૧૦૨૦૦૪/ ૯૫૭/ક થી આપવામાં આવેલ લોકદરબાર યોજવાની સૂચનાઓ રદ કરીને નીચે મુજબની સૂચનાઓ બહાર પાડવામાં આવે છે.

(૧) આ સૂચનાઓનો અમલ એટલે કે પોલીસ સંબંધી પ્રશ્નોની ચર્ચા "આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો-એટીવીટી" અંતર્ગત માહે ઓગસ્ટ-૨૦૧૪ માસની યોજવાની થતી બેઠકથી કરવાનો રહેશે.

(૨) "એટીવીટી" અંતર્ગત પોલીસ સંબંધી પ્રશ્નોની ચર્ચા માટેની માસિક બેઠકમા તાલુકા મત વિસ્તારના વિધાનસભાના સભ્યશ્રી, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી, અધ્યક્ષશ્રી, તાલુકા સામાજીક ન્યાય સમિતિ, તાલુકામાં આવેલ નગરપાલિકાના પ્રમુખશ્રી, તાલુકા વિસ્તારમાં રહેતા રાજ્ય મહિલા સુરક્ષા સમિતિના સભ્યશ્રી, તાલુકા વિસ્તારના જિલ્લા મહિલા સુરક્ષા સમિતિના સભ્યશ્રીઓ, સામાજીક સંસ્થાઓ/મહિલા સંસ્થાના કાર્યકરો તથા સમાજના મોભાદાર વ્યક્તિઓને આમંત્રણ આપી બોલાવવાના રહેશે.

(૩) પ્રજા અને પોલીસ વચ્ચે સુમેળભર્યા સંબંધો બંધાય અને પ્રજાને પડતી મુશ્કેલીઓ નિવારીને પ્રજાના કામોનો ઝડપી નિકાલ થાય અને આમ કરવાથી કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં પોલીસને આડકતરી મદદગારી મળે તે મુખ્ય હેતુ આ બેઠકનો રહેશે.

(૪) પોલીસ સાથેની આવી બેઠકથી પ્રજાજનોને પોતાની ફરિયાદની રજુઆત કરવાનો અવસર મળી શકે છે. તેમજ તેઓના સામાન્ય પ્રશ્નનનું સ્થળ પર નિરાકરણ થઇ શકે છે.

(૫) પોલીસ સાથેની બેઠકમાં લોકોને ગામમાં સંપથી રહેવા અને કોઇ સમાજ પ્રત્યે દ્વેષભાવ ન રાખવા તેમજ સમાજની કોઇ વ્યક્તિ ગેર કાયદેસર હથિયાર, નશીલા પદાર્થ રાખતો હોય કે હેરાફેરી કરતો હોય તો ખાનગી રાહે પોલીસને બાતમી આપવાની બાબતે માર્ગદર્શન આપવાનું રહેશે અને તેનું નામ ખાનગી રહેશે એવો વિશ્વાસ આપવાનો રહેશે. દારૂ, જુગાર, ટ્રાફિક સમસ્યાઓને લગતા જે પ્રશ્નોનો સ્થળ ઉપર નિકાલ થઇ શકે તેમ હોય તેનો સ્થળ ઉપર જ નિકાલ કરવાનો રહેશે તથા મહિલા સલામતી અંગેના અદ્યતન કાયદા તથા મહિલાઓની સલામતી માટે પોલીસ દ્વારા કરવામાં આવેલ વ્યવસ્થા બાબતે લોકોને વાકેફ કરવાના રહેશે. આ બાબતે હેલ્પલાઇન નંબરની માહિતી પણ આપવાની રહેશે

(૬) પોલીસ સાથેની બેઠકમાં ચર્ચા માટે રજુ થનાર પ્રશ્નોની વિગતો એક અઠવાડિયા અગાઉથી મેળવવાની રહેશે.

(૭) આ બેઠકમાં સંબંધિત જિલ્લાના સ્થાનિક નાયબ પોલીસ અધિક્ષકશ્રીએ ઉપસ્થિત રહી પ્રજાના પ્રશ્નો સાંભળવાનાં રહેશે.

(૮) બેઠક દરમ્યાન રજુ થતા ટ્રાફિક સમસ્યાના પ્રશ્નો બાબતે તથા ચોરીના/દારૂ જુગારના બનાવ અટકાવવા માટે પ્રજાની વાત સાંભળીને પેટ્રોલીંગ વધારવા કે નાઇટ રાઉન્ડ વધારવા સ્થળ ઉપર જ થાણા ઇન્ચાર્જને સૂચના આપવાની રહેશે.

(૯) આ બેઠકની મીનીટસ બુક રાખવાની રહેશે.

(૧૦) બેઠકમાં પોલીસ સંબંધી રજુ થયેલ પ્રશ્નો અને તે સંબંધે સુચવાયેલ કાર્યવાહીની વિગતોની તારીજ સાથેનો અહેવાલ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી મારફત ગૃહ વિભાગને બેઠક પુરી થયાના ૧૫ દિવસમાં મોકલી આપવાનો રહેશે.

(૧૧) એટીવીટી અંતર્ગત આ બેઠકની કામગીરી સંબંધિત પ્રાંત અધિકારી હસ્તક હોઇ તેઓના પરામર્શમાં પોલીસના પ્રશ્નો અંગેની બેઠકની કામગીરી કરવાની રહેશે.

(૧૨) એટીવીટી અંતર્ગત યોજવામા; આવતી બેઠકમા; અગાઉની બેઠકમા; રજુ થયેલ પ્રશ્નો બાબતે કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો પ્રથમ રજુ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કશ્યપ પરીખ)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

-નામદાર રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી
-માન.મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્રસિચવશ્રી
-માન.મંત્રીશ્રીઓ/ માન..રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી
-માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
-ઉપાધ્યક્ષી, રાજય મહિલા સુરક્ષા સમિતિ, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ
-મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-સચિવશ્રી(ગૃહ)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગાંધીનગર.
-અધિક પોલીસ મહાનિદેશકશ્રી સીઆઇડી ક્રાઇમ અને રેલ્વેઝ પોલીસ ભવન, ગાંધીનગર.
-પોલીસ મહાનિરીક્ષકશ્રી(મહિલાસેલ), અધિક પોલીસ મહાનિદેશકશ્રી સીઆઇડી ક્રાઇમની કચેરી, પોલીસ ભવન, ગાંધીનગર
-અધિક્ષકશ્રી રાજય મહિલા સુરક્ષા સમિતિ બહુમાળી મકાન, અમદાવાદ-સમિતિના સર્વે સભ્યોને પરિપત્રની સૂચનાઓ ધ્યાને લાવવાની વિનંતી સાથે
-અગ્રસચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-અગ્રસચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-સચિવશ્રી,મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-સચિવાલયના સર્વે વિભાગો
-સર્વે પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ

-સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ-શહેર મહિલા સુરક્ષા સમિતિના સભ્યશ્રીઓને પરિપત્રની સૂચનાઓ ધ્યાને લાવવાની વિનંતી સાથે

-સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ-જિલ્લાના પ્રાંત અધિકારીશ્રી અને સ્થાનિક નાયબ પોલીસ અધિક્ષકશ્રીને બેઠક બાબતે જરૂરી સૂચના આપવા તથા જિલ્લા મહિલા સુરક્ષા સમિતિના સભ્યશ્રીઓને પરિપત્રની સૂચનાઓ ધ્યાને લાવવાની વિનંતી સાથે.

-ગૃહ વિભાગ હેઠળના તમામ ખાતાના વડા

-એટીવીટીની કામગીરી સંભાળતા સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ

-પ્રોજેકટ અધિકારી કમ ઓએસડી(એટીવીટી સેલ), મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

-ગૃહ વિભાગના સર્વે અધિકારીશ્રી/સર્વે શાખા

-નાયબ સેકશન અધિકારીશ્રી સિલેકટ ફાઇલ

-શાખા સિલેકટ ફાઇલ